# SHREE VASISHTHA VIDHYALAYA
## Gujarati 2nd Language Worksheet 2024-25

Name : - ____________________ Std.:- V - ________

Roll No. :- Worksheet No.Term 1-01 Date : -

Ch:પાઠ-૬ મહારાણા પ્રતાપ અને ચેતક ,પાઠ-૭ ભારત માતાના બાળકો, પાઠ-૮ તરણેતરનો મેળો

### ગદ્યાંશ

શિસ્ત એટલે નિયમ અનુસારના વાણી અને વર્તન. શાળાઓ ,કચેરીઓ, પુસ્તકાલયો, કારખાના, બગીચા, લશ્કર ,રેલવે સ્ટેશન ,બસ સ્ટેશનો વગેરે દરેક ક્ષેત્રમાં શિસ્ત અનિવાર્ય છે. શિસ્ત વિના શાળા ન ચાલી શકે, શિસ્ત વિના લશ્કર ન નભી શકે. શિસ્ત વિના બસ-સ્ટેશને રેલવે સ્ટેશનમાં અવ્યવસ્થા ઊભી થઈ જાય. શિસ્તના બે પ્રકાર છે. સ્વયંશિસ્ત અને ફરજિયાત શિસ્ત. સોટી વાગે ચમ ચમ અને વિદ્યા આવે ધમધમ એ ન્યાય મુજબ વિદ્યાર્થીઓ પર ફરજિયાત શિસ્ત લાદવામાં આવે છે. પરંતુ આજના જમાનામાં આવી શિસ્ત કારગર નીવડી શકે તેમ નથી. સ્વયં શિસ્ત કે સ્વૈચ્છિક શિસ્તના વાતાવરણમાં જ બાળકોનો સાચો વિકાસ થઈ શકે છે.ફરજિયાત પડાવવામાં આવતી શિસ્તમાં ભય હોય છે. તેમાં ચૂક થાય તો શિક્ષા અને દંડ ભોગવવા પડે છે. સ્વયં શિસ્તમાં ભયને કોઈ સ્થાન હોતું નથી. વ્યક્તિઓ જાતે જ સમજી વિચારીને શિસ્તનું પાલન કરે છે.

**પ્ર-૧) ક) ઉપરના ગદ્યાંશ પરથી નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧) શિસ્તના કેટલા પ્રકાર છે? કયા કયા ?

શિસ્તના બે પ્રકાર છે. સ્વયંશિસ્ત અને ફરજિયાત શિસ્ત

૨) શિસ્ત વિના અવ્યવસ્થા ક્યાં ઊભી થઈ જાય છે?

શિસ્ત વિના શાળા ન ચાલી શકે, લશ્કર ન નભી શકે, બસ-સ્ટેશને, રેલવે સ્ટેશનમાં અવ્યવસ્થા ઊભી થઈ જાય.

3) કયા વાતાવરણમાં બાળકોનો સાચો વિકાસ થઈ શકે છે?

સ્વયં શિસ્ત કે સ્વૈચ્છિક શિસ્તના વાતાવરણમાં બાળકોનો સાચો વિકાસ થઈ શકે છે.

૪) શિસ્તના કયા પ્રકારમાં ભયને કોઈ સ્થાન હોતું નથી?

સ્વયં શિસ્તમાં ભયને કોઈ સ્થાન હોતું નથી.

**ખ) ખાલી જગ્યા પૂરો**

૧) વ્યક્તિઓએ જાતે જ સમજી વિચારીને ------શિસ્તનું------પાલન કરવું જોઈએ.

૨) શિસ્ત એટલે નિયમ અનુસારના ------વાણી------અને------વર્તન------.

**પ્ર-૨) પાઠને આધારે ખાલી જગ્યા પૂરો.**

૧) બે પહાડ વચ્ચેના અંતરનું સ્થળ--હલ્દીઘાટી----જગ્યા પર આવેલું છે.

Rashmi 1019

૨) લંગડા માટે આપણે------ખોડીલું------શબ્દ કહીએ છીએ.

૩) ચેતક ઘોડો મહારાણા પ્રતાપને------ગુજરાત------રાજ્યમાંથી ભેટમાં મળેલો હતો.

૪) આ કવિતામાં------રામકૃષ્ણ------ભોમકા જણાવી છે.

૫) કુંડમાં------ગંગા------ નદી પ્રગટ થાય છે.

૬) સરકાર દ્વારા------રૂરલ ઓલમ્પિક------નું પણ આયોજન કરવામાં આવે છે.

૭) ભાદરવા સુદ પાંચમના દિવસે ઋષિમુનિઓ તરણેતરમાં------ગંગાસ્નાન------કરવા આવે છે.

**પ્ર-૩) નીચેના આપેલા વાક્યોમાંથી સાચા વાક્યોની સામે (✓)અને ખોટા વાક્યોની સામે (x) ની નિશાની કરો.**

૧) એક માન્યતા પ્રમાણે દ્રોપદીનો સ્વયંવર સુરેન્દ્રનગરમાં યોજાયો હતો. ( X )

૨) ચેતક ૩૧૮ કિલોનું વજન ઉઠાવનાર મહાપરાક્રમી ઘોડો હતો. ( ✓ )

૩) મહારાણા પ્રતાપે ત્રાટકને પોતાના નાના ભાઈ શક્તિસિંહ ને આપ્યો. ( ✓ )

૪) કવિતામાં શિવાજીને શૂરવીર કહ્યા છે. ( ✓ )

૫) મહારાણાના ઘોડાનું નામ ત્રાટક હતું. ( X )

૬) મહારાણાનો રાતા ઘોડાને અસવાર ભાષામાં સંદેશો સંભળાયો. ( X )

૭) તરણેતરનો મેળો શ્રાવણી પૂનમે યોજાય છે. ( X )

૮) ભારત માતાને તેમના સંતાનો વધુ વહાલા છે. ( ✓ )

**પ્ર-૪) પાઠને આધારે પ્રશ્નોના જવાબ લખો.**

૧) તરણેતરના મેળામાં કાઠીયાવાડની કઈ સંસ્કૃતિ માણવા માટે શ્રેષ્ઠ છે?

કાઠિયાવાડની સંસ્કૃતિ, પહેરવેશ, હસ્તકળા, લોકનૃત્યો અને લોકસંગીત માણવા માટે શ્રેષ્ઠ છે.

૨) અત્યારે તરણેતરના મેળાનો આયોજન કોણ કરે છે?

અત્યારે તરણેતરના મેળાનું આયોજન ગ્રામપંચાયત કરે છે.

૩) મહારાણા પ્રતાપના નાના ભાઈ શક્તિસિંહ કોના તરફથી લડતા હતા?

મહારાણા પ્રતાપના નાના ભાઈ શક્તિસિંહ મુગલો તરફથી લડતા હતા.

૪) ચેતક કયા ઝાડ નીચે પડી ગયો હતો અને એ ઝાડને ત્યારથી શું કહેવાય છે?

ચેતક આંબલીના ઝાડ નીચે પડી ગયો હતો અને એ ઝાડને ત્યારથી "ખોડી ઈમલી" કહેવાય છે.

૫) આપણા ધાર્મિક ગ્રંથ કયા છે?

આપણા ધાર્મિક ગ્રંથ રામાયણ અને મહાભારત છે.

૬) વિનોબાજીને શું કહેવાય?

વિનોબાજીને દિવ્યપ્રકાશ કહેવાય.

૭) કવિતામાં શિવાજીને શું કહ્યા છે?

કવિતામાં શિવાજીને શૂરવીર કહ્યા છે.